गौरक्षक गायन.

બનાવી છપાવનાર.

જોશી. ભીખારામ શવજી કનૈયા

મુ૦ ભાવનગર.

આવૃતિ ૧ લી પ્રત ૧૦૦૦

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીનીવાડીમાં

"એંગ્લોવર્નાક્યુલર પ્રીન્ટીગ પ્રેસ"માં.

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

સંવત ૧૯૪૭ સન ૧૮૯૧

કીંમત માત્ર એકજ રૂપીયું.

गौरक्षक.

ઈશ્વર સ્તુતી.

આશાગોડી.

ધ્યાન પ્રભુનું ધરવું, ધરાપર, ધ્યાન પ્રભુનું ધરવું. ટેક.
દેવ ડીગંબર જોગી અખાડી, આખર સર્વને મરવું; ધરા.
લક્ષ ચોરાશી ફેરા ફરીને, અવનીપર અવતરવું; ધરા.
કાળ તણાં છે સર્વે કોઠીંબા, ધર્મતણું ડગ ભરવું; ધરા.
સુકૃત કામે ચિત્ત લગાડી, પાપ થકી પરહરવું; ધરા.
ગૌબ્રાહ્મણની રક્ષા કરવા, દીલ વિશે નહીં ડરવું; ધરા.
ભીખન આ ભવસાગર ભરીયો, નીતિ નાવથી તરવું; ધરા.

કસાઈઓ ગાયોને મારવા તૈયાર થાય છે ત્યારે ગાયોને વાચા નહીં હોવાથી ઉંચા મુખ કરી ઈશ્વર પાસે આજંવતા કરે છે.

(સહીયર દુઃખ શું દાખવું. એ રાગ.)

ઈશ્વર અરજ સુણો તમે, પાડી દિન પુકાર;
નોધારાના તો આધાર છો, કરો ગાયની વાર; ટેક.
મુખ થકી અમને મુગાં કર્યાં, તાળું દીધું તમામ;
કેમ કરી સમજાવીએ, થાય જુલમ આ ઠામ. ઈશ્વર.
હીંદુ બચ્ચો કોઇ હાજર નથી, હોય તો નાંખે હામ;
દયા કસાઈને દીલે નથી, લેશ માત્ર લગામ. ઈશ્વર.
નથી ગતી આપી બોલવા, લંપટ પાડે છે લુંટ;

કાદે પરાણે આ પ્રાણુને, કુટા છે કાળ કુટ. ઈશ્વર.
વધ કરવા નથી વાર હે, કરે લોઢાં તૈયાર;
ભક્ત તણી ભીડ કાપજો, વેગે વિશ્વ આધાર. ઈશ્વર.
સ્તંભ ધગાવ્યો હીરણા કંસે, પાસે ઉભો પ્રહલાદ;
કીડીની હાર કાઢી તમે, સુણી ભક્તની દાદ. ઈશ્વર.
અસુર હણ્યો તમે હાથથી, સ્થાપ્યો અવીચળ શીશ;
ભક્ત તણા ભેરૂ છો તમે; જોયા શ્રી જુગદીશ. ઈશ્વર.
બિલાડાં કેરાં બાળ તે, બડકયાં નીંભાની માંય;
વીઠલ તેની વારશ કરી, બચાવ્યાં તમે ત્યાંય. ઈશ્વર.
ચીર હર્યાં સતી દ્રૌપદી, કર્યા કૌરવે કેર;
નવસો નવાણું પુર્યાં નવાં, ગયાં દ્રૌપદી ઘેર. ઈશ્વર.
માટે અમારી મદદ કરો, ખુડત ઝાલોને બાંય;
ગૌરક્ષક સેવક ક્યાં ગયા, તેને મોકલો આંય. ઈશ્વર.

ગૌરક્ષક શેવકો તેને ભેળા થઇ ખબર પડવાથી છોડાવે છે પછી ગાયો દિન વચનથી દયામણે ચેરે જાણે સમજાવતી હોય તેમ.

ગાયો—નાથ કૈસે ગજકો બંધ છુડાયો. એ રાગ.

આર્યો મુંગા પ્રાણીની મદદમાં આવો;
અમને બળતા દવથી બચાવો. આર્યો.
નથી બારીષ્ટર નથીજ વકીલો હે;
સોલીસીટર સમજાવો;
વીરલા દયાળુ કરો સૌ વારસ;
ગાયની શેવા બજાવો. આર્યો.

દુ:ખને પુત્રવ.ળા સુણો દિનનીશ;
બનતા ઉપાયો ચલાવો;
ગાય ગાળેથી છોડાવવા કારણુ;
દિવસ ચડતો દીપાવો. આર્યો.
વિશ્વપતિએ આપી નથી કાયા;
દીધું તાળું તે પસ્તાવો;
કેમ નીવેદન કરીએ હકીકત;
જાન ઝુરી ઝુરી જાવો. આર્યો.
ધર્મ તણા વીર જાગો ધરાપર;
અકૃત્યને અટકાવો.
પારકી પીડ તણા પ્રતીપાળકો;
સજ્જડ ધર્મ ચલાવો. આર્યો.
વીપરૂપી કાપો વેલ કસાઈની;
અમૃત તરૂવર વાવો;
"ભીખન" ભરત ભુમી તણા ભાઈઓ;
પુન્યનાં બીજ પ્રગટાવો. આર્યો.

(હાડાજી શું કરો સાહસ આવું. એ રાગ)

ભરત બંધુ તમે ધર્મ ન ભૂલો, ઇષ્ટ-દેવીને ઉગારો;
ગાયના દુધ થકી પીત્રુ તરે છે, સુંદર ઘૃત દધી સારો;
દયા કસાઈને દીલે ન આવે, તલખત જીવ અમારોરે.
વેલો કસાઇરૂપ વીમુખ કરજો, ધર્મ તણો સ્તંભ ધારોરે;
તાળું દીધું ત્રીલોકના નાથે, કરીએ કેમ ઉચારોરે;
માત પીડા સુણી મેહેરજ લાવો, આશીશ આપે અપારોરે.

(જોડી તમે ના જોઈ માડી. એ રાગ.)

(રાજન પ્રત્યે ગાયોનું બોલવું.) લાવણી.

મહીપતી બોલ સુણો મારા, મહીપતી બોલ સુણો મારા;
ગોબ્રાહ્મણ પ્રતીપાળ તમે, કહેવાઓ પ્રજા પ્યારા;
દોલત પ્રભુએ તમને દીધી. (૨)
હુકમ આપો હરનીશ દેશપર, પ્રજા થાય સીધી;
પુરણ દુઃખી જે મુંગા પ્રાણી. (૨)
દીન પુકાર કરે જે દેશમાં, કદર લીઓ જાણી;
આપ ન તપાસ કરો એનો. (૨)
લક્ષ ન દેશો ભૂપ લગારે, ત્યારે પતીત કેનો;
ભરત ભુમી શું કહું આ વારે. (૨)
વીર પુરૂષ ક્યાં વિશ્વ છુપાવ્યા, ધર્મ ઢાલ ધારે;
પ્રતીદીન બચે મુંગા પ્રાણી. (૨)
રજપુત બચ્યા શું નથી રણમાં, કોણ સુણે કહાણી.
ધર્મ વીર મદદ કરો ધારી. (૨)
બનતા લીઓ ઈલાજ બચાવા, એ અરજી મારી.

માઝન પ્રત્યે ગાયોનું બોલવું.

(ગોપીચંદ લંકા જોગી હોજારે તજદે રાજને. એ રાગ.)

સુણો ધર્મ શેઠીયા, મરતાં અટકાવો મુંગા જીવને; ટેક.
દુનિયા કેરી ઈષ્ટ દેવીને, દુષ્ટ દીએ બહુ દુઃખ;
વણ અપરાધે વધ કરવાને, થાય કસાઈ પ્રમુખ. સુણો.
નથી અમારાં સગાં સહોદર, બીન વારશી માન;
નથી વસીલો ક્યાંય અમારો, જરૂર બચાવે જાન. સુણો.

હીંદુસ્તાન માંહીં છે હીંદુ, શેવક મારા સદાય;
વીર પુરૂષ તમે કરો વાર હે, અટકાવો અન્યાય. સુણો.
શું કરીએ લાચાર છીએ અમ, મુનીવ્રત લીધું મૂખ;
દુઃખ હકીકત કૈગે કોણને, સદા કરે કોઈ સુખ. સુણો.
તમે નહી કરો વારસ ત્યારે, જુલમ થશે સૌ ઠામ;
પાપી ભરશે આગળ પગલું, કરશે કુડાં કામ. સુણો.
ભરતવાસી સૌ ભાઈ સુણોને, સંપ કરોજ સદાય;
ધર્મ ધજા ફરકાવો ને જો, બચશે જીવ બધાય. સુણો.
પુન્ય તણાં ફળ ફળે પ્રતીદીન, ફુલવાડી ફેલાય;
પાપ તણો ઘટ ફુટશે પલમાં, જળનો તરંગ જણાય. સુણો.
શું કરીએ નથી વાચા અમને, કહીએ સર્વ કથાય;
હૈયે વસે જો હરી તમોને, ગૌ માતા ગુણ ગાય. સુણો.

રાગ ક્ષત્રી કલંકનો.

અરે છે કોઇ ઈશ્વરી લાલ;
ગરીબ ગાની વારે ચડેરે.
ભૂમી ભરત મહી ભુપાળ. ગરીબ૦
છે કોઈ ખરો ક્ષત્રી રજપૂત. ગરીબ૦
છે કોઈ રંકનો માળવો મજબુત. ગરીબ૦
છે કોઈ પરદુઃખ ભંજનહાર. ગરીબ૦
કરે પશુ પામરની વાર. ગરીબ૦
છે કોઈ પાંડવ કુળ પ્રખ્યાત. ગરીબ૦
છે કોઈ રઘુવંશીની જાત. ગરીબ૦
છે કોઈ પરશુરામ અવતાર. ગરીબ૦

સુણો ગાયોનો દીન પુકાર. ગરીબ૦
દુઃખ દીકરા રહે અવીચળ. ગરીબ૦
જેણે ધર્મતણું જોયું જળ. ગરીબ૦

શું મારા હીંદુ શેવક નથી કે કસાઈઓના કુળની અનીતી અટકાવવા આગળ પગલું નહીં ભરે. ? ! ! ! ખરેખર મુંગા પ્રાણીની મદદ કરનાર વીર પુરૂષો ન હોય તો પૃથ્વીપર વરસાદ કેમ વરસે. મુંગા પ્રાણી બચાવવાથી તેની આશીશના પ્રકાશે તમારી સંતતી વૃદ્ધિ પામશે. ખરેખર સત્યરૂપી કાષ્ટ તેજ તરવાનું અને પાપરૂપી પથ્થર છે તે બુડવાનો સાયર દયાળુ છે તો સર્વ જળચરને સુખી રાખે છે હે ભરત બંધુઓ તમારાથી બનતી મહેનત કરશો તો ઈશ્વર તમારૂં સદા ભલુંજ કરશે ગાયોના બચાવમાં અને તેને દુઃખે દુવાવાવાળા પુરૂષોને હે સર્વ શક્તિમાન ઈશ્વર સ્વર્ગની ગતી આપજે એવું અમારૂં છેવટ આશ્રવચન છે.

તથાસ્તુ તથાસ્તુ.

પ્રથમ ખરીદનારનાં નામ.

૨૦૦ વોરા. અબદુલ હુસેન આદમજી બુકશેલર.
૨૦૦ મોદી. મગનલાલ જેચંદ બુકશેલર ગુજરીમાં.
૨૦૦ બધેકા. જીવણરામ ઝવેરીશંકર ગુજરીમાં.

જાહેરખબર.

મરાં રચેલાં પુસ્તકો મારી પાસેથી તથા મીસ્ત્રી પીતાંબરદાસ વસ્તાભાઈના મીલમાંથી અને વોરા અબદુલ હુસેન આદમજીને ત્યાંથી રોકડી કીંમતે મળશે.

(સહી) જોશી ભીખારામ શવજી કનૈયા ભાવનગર

મીસ્ત્રી પીતાંબરદાસ વસ્તાભાઈના કારખાનામાં.